Saturday
11.03.2023
*Volume :7 * Issue No.221

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રી ૧૨મી માર્ચે કર્ણાટકમાં માંડ્યા અને હુબલી-ધારવાડની મુલાકાત લેશે

# પ્રધાનમંત્રી૧૨મી માર્ચે કર્ણાટકમાં લગભગ રૂ. ૧૬,૦૦૦ કરોડની કિંમતના પ્રોજેક્ટ્સનું સમર્પણ અને શિલાન્યાસ કરશે

## પીએમ ધારવાડ મલ્ટી વિલેજ વોટર સપ્લાય સ્કીમનો શિલાન્યાસ કરશે



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૨મી માર્ચે કર્ણાટકની મુલાકાત લેશે જયાં તેઓ લગભગ રૂ. ૧૬,૦૦૦ કરોડની કિંમતના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. બપોરે લગભગ ૧૨ વાગ્યે, પ્રધાનમંત્રી મંડ્યામાં મુખ્ય માર્ગ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ, લગભગ ૩:૧૫ વાગે, તેઓ હુબલી-ધારવાડમાં વિવિધ વિકાસ પહેલોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

માંડ્યામાં પી.એમ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના વિકાસની ઝડપી ગતિ એ સમગ્ર દેશમાં વિશ્વ સ્તરીય કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાના પ્રધાનમંત્રીના વિઝનનો પુરાવો છે. આ પ્રયાસમાં આગળ વધીને, પ્રધાનમંત્રી બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસવે રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટમાં એનએચ-૨૭૫ના બેંગલુરુ-નિદાઘટ્ટા-મૈસુર સેક્શનને ૬-લેનિંગનો સમાવેશ થાય છે. ૧૧૮ કિલોમીટર લાંબો આ પ્રોજેક્ટ ૮૪૮૦ કરોડ રૂપિયાના કુલ ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. તે બેંગલુરુ અને મૈસુર વચ્ચેનો પ્રવાસ સમય લગભગ ૩ કલાકથી ઘટાડીને લગભગ ૭૫ મિનિટ કરશે. તે પ્રદેશમાં સામાજિક-આર્થિક વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે.પ્રધાનમંત્રી મૈસુર-ખુશાલનગર ૪ લેનહાઈવે માટે પણ શિલાન્યાસ કરશે. ૯૨ કિલોમીટરમાં ફેલાયેલો આ પ્રોજેક્ટ લગભગ ૪૧૩૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ કુશલનગરની બેંગલુરુ સાથેની કનેક્ટિવિટી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને મુસાફરીનો સમય લગભગ ૫ થી માત્ર ૨.૫ કલાક સુધી ઘટાડવામાં મદદ કરશે.



પ્રધાનમંત્રી હુબલી-ધારવાડ સ્માર્ટ સિટીના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે

- પ્રધાનમંત્રી બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસવે સમર્પિત કરશે; પ્રોજેક્ટ મુસાફરીનો સમય ૩ કલાકથી ઘટાડીને ૭૫ મિનિટ કરશે
- પ્રધાનમંત્રી મૈસુર-ખુશાલનગર ૪ લેન હાઇવે માટે શિલાન્યાસ કરશે
- પ્રધાનમંત્રી IIT ધારવાડને સમર્પિત કરશે; ફેબ્રુઆરી ૨૦૧૯માં પીએમ દ્વારા પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો
- પ્રધાનમંત્રી શ્રી સિદ્ધરૂદ્ધ સ્વામીજી હુબલી સ્ટેશન પર વિશ્વનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ સમર્પિત કરશે



### પીએમ પુનઃવિકાસિત હોસાપેટે સ્ટેશનને સમર્પિત કરશે જે હમ્પીના સ્મારકોને મળતા આવે છે

હુબલી-ધારવાડમાં પી.એમ

પ્રધાનમંત્રી IIT ધારવાડ રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૯માં સંસ્થાનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. રૂ. ૮૫૦ કરોડથી વધુના ખર્ચે વિકસિત, સંસ્થા હાલમાં ૪-વર્ષની બી.ટેક પ્રોગ્રામ્સ, ઈન્ટર-ડિસિપ્લિનરી ૫-વર્ષનો BS-MS પ્રોગ્રામ, M.Tech. અને પીએચ.ડી. કાર્યક્રમો ઓફર કરે છે.

પ્રધાનમંત્રી શ્રી સિદ્ધારુધા સ્વામીજી હુબલી સ્ટેશન પર વિશ્વનું સૌથી લાંબુ રેલવેપ્લેટફોર્મ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ રેકોર્ડને તાજેતરમાં ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી છે. લગભગ રૂ. ૨૦ કરોડના ખર્ચે ૧૫૦૭ મીટર લાંબુ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી આ પ્રદેશમાં કનેક્ટિવિટી વધારવા માટે હોસાપેટે – હુબલી – તિનાઘાટ સેક્શનનું વીજળીકરણ અને હોસાપેટે સ્ટેશનના અપગ્રેડેશનને સમર્પિત કરશે. ૫૩૦ કરોડથી વધુના ખર્ચે વિકસિત, વિદ્યુતીકરણ પ્રોજેક્ટ ઈલેક્ટ્રિક ટ્રેક્શન પર સીમલેસ ટ્રેન ઓપરેશન સ્થાપિત કરે છે. પુનઃવિકાસિત હોસાપેટે સ્ટેશન પ્રવાસીઓને અનુકૂળ અને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે. તેને હમ્પીના સ્મારકોને મળતા આવે તેવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે. પ્રધાનમંત્રી હુબલી-ધારવાડ સ્માર્ટ સિટીના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સની કુલ અંદાજિત કિંમત લગભગ રૂ. ૫૨૦ કરોડ છે. આ પ્રયાસો આરોગ્યપ્રદ, સલામત અને કાર્યાત્મક જાહેરજગ્યાઓ બનાવીને જીવનની ગુણવત્તામાં વધારો કરશે અને નગરને ભવિષ્યના શહેરી કેન્દ્રમાં પરિવર્તિત કરશે. પ્રધાનમંત્રી જયદેવ હોસ્પિટલ અને સંશોધન કેન્દ્રનો શિલાન્યાસ કરશે. લગભગ રૂ. ૨૫૦ કરોડના ખર્ચે આ હોસ્પિટલ વિકસાવવામાં આવશે અને પ્રદેશના લોકોને તૃતીય કાર્ડિયાક કેર પ્રદાન કરશે. પ્રદેશમાં પાણી પુરવઠામાં વધુ વધારો કરવા માટે, પ્રધાનમંત્રી ધારવાડ મલ્ટી વિલેજ વોટર સપ્લાય સ્કીમનો શિલાન્યાસ કરશે, જે રૂ. ૧૦૪૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવશે. તેઓ તુપ્પરીહલ્લા ફલડ ડેમેજ કંટ્રોલ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે, જે લગભગ રૂ. ૧૫૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પૂરથી થતા નુકસાનને ઘટાડવાનો છે અને તેમાં રિટેનિંગ વોલ અને પાળા બાંધવાનો સમાવેશ થાય છે.

### પ્રધાનમંત્રીએ "મહિલાઓના આર્થિક સશક્તિકરણ" પર બજેટ પછીના વેબિનારને સંબોધન કર્યું

# મહિલાઓ માટે સન્માન અને સમાનતાની ભાવનાને વધારીને જ ભારત આગળ વધી શકે છે :પ્રધાનમંત્રી શ્રી

## "મહિલા સશક્તિકરણ માટેના પ્રયાસોના પરિણામો દેખાઈ રહ્યા છે અને આપણે દેશના સામાજિક જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન અનુભવી રહ્યા છીએ"

### "પીએમ આવાસે મહિલાઓને ઘરના આર્થિક નિર્ણયોમાં નવો અવાજ આપ્યો છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ "મહિલાઓનું આર્થિક સશકિતકરણ" વિષય પર બજેટ પછીના વેબિનારને સંબોધન કર્યું. કેન્દ્રીય બજેટ ૨૦૨૩માં જાહેર કરાયેલી પહેલોને અસરકારક રીતે અમલમાં મૂકવા માટેના વિચારો અને સૂચનો મેળવવા માટે સરકાર દ્વારા આયોજિત ૧૨ બજેટ પછીના વેબિનારની શ્રેણીની આ ૧૧મી છે. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી કે દેશે આ વર્ષના બજેટને ૨૦૪૭ સુધીમાં વિકાસ ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે એક શુભ શરૂઆત તરીકે જોયું છે. તે દેશ માટે સારો સંકેત છે કે દેશના નાગરિકો પણ આગામી ૨૫ વર્ષોને આ લક્ષ્યો સાથે જોડીને જોઈ રહ્યા છે, ''એમ તેમણે કહ્યું. પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે છેલ્લા ૯ વર્ષોમાં દેશ મહિલાઓના નેતૃત્વમાં વિકાસના વિઝન સાથે આગળ વધ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત આ પ્રયાસોને વૈશ્વિક મંચ પર લઈ ગયું છે કારણ કે તે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી G-20 મીટિંગમાં અગ્રણી સ્થાન ધરાવે છે. આ વર્ષનું બજેટ મહિલાઓની આગેવાની હેઠળના વિકાસના આ પ્રયાસોને નવી ગતિ આપશે, એમ તેમણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ નારી શક્તિની દ્દઢ નિશ્ચય, ઈચ્છા શકિત, કલ્પનાશક્તિ, ધ્યેયો માટે કામ કરવાની ક્ષામતા અને 'માતૃ શક્તિ'ના પ્રતિબિંબ તરીકે અત્યંત સખત પરિશ્રમને રેખાંકિત કર્યા હતા. તેમણે કહ્યું કે આ ગુણો આ સદીમાં ભારતની ગતિ અને સ્કેલ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે મહિલા સશકિતકરણ માટેના પ્રયાસોના પરિણામો દેખાઈ રહ્યા છે અને અમે દેશના સામાજિક જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન અનુભવી રહ્યા છીએ. તેમણે કહ્યું કે પુરૂષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યા વધી રહી છે, અને છેલ્લા ૯-૧૦ વર્ષમાં હાઈસ્કૂલ અને તેનાથી આગળ ભણતી છોકરીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતમાં છોકરીઓની નોંધણી આજે ૪૩ ટકા છે, જે અમેરિકા, યુકે અને જર્મની જેવા દેશો કરતાં વધુ છે. મેડિકલ, સ્પોર્ટ્સ, બિઝનેસ કે પોલિટિક્સ જેવા ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી માત્ર વધી નથી પરંતુ તેઓ વધુને વધુ આગળ વધી રહી છે. પ્રધાનમંત્રીએ એ હકીકત પર સ્પર્શ કર્યો કે મુદ્રા લોનના ૭૦ ટકા લાભાર્થીઓ મહિલાઓ છે. તેવી જ રીતે, મહિલાઓને SVANidhi હેઠળ કોલેટરલ ફ્રી લોન અને પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, ગ્રામોદ્યોગ, FPO અને રમતગમતમાં પ્રોત્સાહન યોજનાઓનો લાભ મળે છે. શ્રી મોદીએ કહ્યું, "દેશની અડધી વસતીની મદદથી આપણે કેવી રીતે દેશને આગળ લઈ જઈ શકીએ છીએ અને કેવી રીતે આપણે મહિલા શક્તિની ક્ષમતામાં વધારો કરી શકીએ છીએ તેનું પ્રતિબિંબ આ બજેટમાં દેખાય છે." તેમણે મહિલા સન્માન બચત પ્રમાણપત્ર યોજનાનો ઉલ્લેખ કર્યો જેમાં

### "છેલ્લા ૯ વર્ષમાં ૭ કરોડથી વધુ મહિલાઓ સ્વસહાય જૂથોમાં જોડાઈ છે"

મહિલાઓને ૭.૫ ટકા વ્યાજ મળવાનું છે. "PM આવાસ યોજના માટે ૮૦ હજાર કરોડ રૂપિયા એ પણ મહિલા સશક્તિકરણની દિશામાં એક પગલું છે કારણ કે ૩ કરોડ ઘરોમાંથી મોટાભાગના મહિલાઓના નામે છે", એમ શ્રી મોદીએ કહ્યું. પ્રધાનમંત્રીએ એવા સંજોગોમાં પીએમ આવાસના સશકિતકરણ પાસા પર ભાર મૂક્યો હતો જ્યાં પરંપરાગત રીતે મહિલાઓના નામે કોઈ મિલકત નથી.

"પીએમ આવાસે મહિલાઓને ઘરના આર્થિક નિર્ણયોમાં નવો અવાજ આપ્યો છે",એમ તેમણે કહ્યું. પ્રધાનમંત્રીએ સ્વસહાય જૂથો વચ્ચે નવા યુનિકોર્ન બનાવવા માટે સ્વસહાય જૂથોને સમર્થન માટેની જાહેરાત વિશે માહિતી આપી હતી. પ્રધાનમંત્રીએ બદલાતા દશ્યો સાથે મહિલા સશકિતકરણ માટેના દેશના વિઝનની તાકાત દર્શાવી હતી. આજે પમાંથી ૧ બિનખેતી વ્યવસાય એક મહિલા ચલાવે છે. છેલ્લા ૯ વર્ષમાં ૭ કરોડથી વધુ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રુપમાં જોડાઈ છે. તેમનું મૂલ્ય નિર્માણ તેમની મૂડીની જરૂરિયાત પરથી સમજી શકાય છે કારણ કે આ સ્વસહાય જૂથોએ ૬.૨૫ લાખ કરોડની લોન લીધી છે. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું કે આ મહિલાઓ માત્ર નાના ઉદ્યોગસાહસિકો તરીકે જ નહીં

### "દેશ આ વર્ષના બજેટને ૨૦૪૭ સુધીમાં વિકાસ ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે એક શુભ શરૂઆત તરીકે જોઈ રહ્યો છે"

પરંતુ સક્ષમ સંસાધન વ્યક્તિ તરીકે પણ યોગદાન આપી રહી છે. તેમણે બેંક સખી, કૃષિ સખી અને પશુ સખી કાર્યક્રમોનો ઉલ્લેખ કર્યો જે ગામડાઓમાં વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ સહકારી ક્ષેત્રમાં પરિવર્તન અને આ ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા પર ધ્યાન આપ્યું. "આવનારા વર્ષોમાં ૨ લાખથી વધુ બહુહેતુક સહકારી, ડેરી સહકારી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓની રચના થવાની છે. ૧ કરોડ ખેડૂતોને કુદરતી ખેતી સાથે જોડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મહિલા ખેડૂતો અને ઉત્પાદક જૂથો આમાં મોટી ભૂમિકા ભજવી શકે છે,''એમ પ્રધાનમંત્રીએ કહ્યું. શ્રી મોદીએ શ્રી અન્નના પ્રચારમાં મહિલા સ્વસહાય જૂથોની ભૂમિકા વિશે વિસ્તારપૂર્વક જણાવ્યું. તેમણે કહ્યું કે શ્રી અન્નમાં પરંપરાગત અનુભવ ધરાવતી ૧ કરોડથી વધુ આદિવાસી મહિલાઓ આ સ્વસહાય જૂથોનો ભાગ છે. "આપણે શ્રી અન્નના માર્કેટિંગ સંબંધિત તકોને તેમાંથી બનાવેલા પ્રોસેસ્ડ ફૂડ્સ માટે ટેપ કરવાની છે. ઘણી જગ્યાએ, સરકારી સંસ્થાઓ નાની વન પેદાશો પર પ્રક્રિયા કરવા અને તેને બજારમાં લાવવામાં મદદ કરી રહી છે. આજે, દૂરના વિસ્તારોમાં ઘણા સ્વ-સહાય જૂથો બનાવવામાં આવ્યા છે, આપણે તેને



"વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતમાં છોકરીઓની નોંધણી આજે ૪૩ ટકા છે, જે અમેરિકા, યુકે અને જર્મની જેવા દેશો કરતાં વધુ છે"

વ્યાપક સ્તરે લઈ જવું જોઈએ'', એમ તેમણે કહ્યું. કૌશલ્ય વિકાસની જરૂરિયાત પર ભાર મૂકતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ બજેટમાં લાવવામાં આવેલી વિશ્વકર્મા યોજના મુખ્ય ભૂમિકા ભજવશે અને એક સેતુ તરીકે કામ કરશે અને મહિલા સશક્તિકરણ માટે તેની તકોનો લાભ લેવાની જરૂર છે. તેવી જ રીતે, ધેર અને ઈ-કોમર્સ મહિલાઓના વ્યવસાયની તકોને વિસ્તૃત કરવાના માર્ગો બની રહ્યા છે, સ્વસહાય જૂથોને આપવામાં આવતી તાલીમમાં નવી તકનીકોને પ્રાથમિકતા આપવાની જરૂર છે. પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે દેશ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસની ભાવના સાથે આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે દેશની દીકરીઓને રાષ્ટ્રીય

### "આ વર્ષનું બજેટ મહિલાઓની આગેવાની હેઠળના વિકાસના પ્રયાસોને નવી ગતિ આપશે"

સુરક્ષાની ભૂમિકાઓ અને રાફેલ વિમાન ઉડાડતી જોઈ શકાય છે અને જ્યારે તેઓ ઉદ્યોગસાહસિક બને છે અને નિર્ણયો અને જોખમો લે છે ત્યારે તેમના વિશેનો વિચાર બદલાઈ જાય છે. તેમણે નાગાલેન્ડમાં બે મહિલા ધારાસભ્યોની તાજેતરની ચૂંટણીનો પ્રથમ વખત ઉલ્લેખ કર્યો, તેમાંથી એક મહિલાએ મંત્રી તરીકે પણ શપથ લીધા. "ભારત મહિલાઓના સન્માન અને સમાનતાના સ્તરને વધારીને જ આગળ વધી શકે છે. હું તમને તમામ મહિલાઓ-બહેનો-દીકરીઓના માર્ગમાં આવતા દરેક અવરોધને દૂર કરવાના નિર્ધાર સાથે આગળ વધવા માટે આહ્વાન કરું છું,''એમ તેમણે કહ્યું. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના લેખને ટાંકીને સમાપન કર્યું,જે તેમણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર લખ્યું હતું. રાષ્ટ્રપતિએ લખ્યું, "આપણા પર નિર્ભર છે, આપણામાંના દરેકે, પ્રગતિને ઝડપી કરવી. તેથી, આજે, હું તમારામાંના દરેકને તમારા કુટુંબ, પડોશમાં અથવા કાર્યસ્થળમાં એક પરિવર્તન માટે પોતાને પ્રતિબદ્ધ કરવા વિનંતી કરવા માંગુ છું - કોઈપણ ફેરફાર જે છોકરીના ચહેરા પર સ્મિત લાવશે, કોઈપણ પરિવર્તન જે તેના જીવનમાં આગળ વધવાની તકોને સુધારશે. . તે એક વિનંતી છે, જેમ કે મેં પહેલા કહ્યું હતું, સીધા હૃદયથી."

